## જિલ્લા કલેકટરશ્રી ગાંધીનગર ધ્વારા થયેલ જુદા–જુદા પર્વની ઉજવણી તથા વિશષ્ટ પ્રકારની કામગીરીની નોંધ.

- ગાંધીનગર જિલ્લાએ નાની બચત ક્ષેત્રે સને.૨૦૦૪–૨૦૦૫ ના વર્ષમાં રૂા.૧૭૬ કરોડના લક્ષ્યાંક સામે રૂા.૧૮૯ કરોડનું સાફી રોકાણ મેળવી ૧૦૦% ઉપરાંતની સિધ્ધી હાંસલ કરેલ છે, તેમજ સને.૨૦૦૫–૨૦૦૬ માં જિલ્લાએ રૂા.૧૯૦ કરોડના લક્ષ્યાંક સામે માહે નવેમ્બર–૨૦૦૫ અંતિત રૂા.૭૦.૧૪ કરોડનું રોકાણ મેળવેલ છે. ગાંધીનગર જિલ્લામાં એકંદરે ૭૦૦ મહિલા રીકરીંગ એજન્ટો કામગીરી કરે છે.

- કલેકટર કચેરી ખાતે ટચસ્ક્રીન કિસોસ્ક મશીન લોક સહયોગથી વસાવી કલેકટર કચેરી ધ્વારા થતી કામગીરી અંગેની તમામ અદ્યતન માહિતી લોકોને પુરી પાડવાની સુવિધા અપાઈ રહી છે.

- કુટીર ઉદ્યોગની વિવિધ યોજના હેઠળ વર્ષ ૨૦૦૪–૦૫ માં કુલ ૫૧૧ વ્યકિતઓને બેંક મારફત મંજૂર કરેલ રૂા.૨૩૬.૭૩ લાખનું ધિરાણ ઉપલબ્ધ થયેલ છે.

- જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા વિવિધ યોજનાઓ હેઠળ નીચે મુજબની સિધ્ધી હાંસલ કરવામાં આવેલ છે.

  (૧) સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ ૧૩૬ ના લક્ષ્યાંક સામે ૨૧૦ લાભાર્થીઓને સહાય આપી ૧૫૪% સિધ્ધી હાંસલ કરવામાં આવેલ છે.

  (૨) સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના હેઠળ ૬.૩૬ લાખ માનવદિનની રોજગારી આપવામાં આવેલ છે.

  (૩) ઈન્દીરા આવાસ યોજના હેઠળ નવા મકાનો બાબતે ૬૧૫ ના લક્ષ્યાંક સામે ૨૪૯ ના મકાનોના કામ પૂર્ણ કરી ૪૧% તથા ઈન્દીરા આવાસ યોજના (સુધારણા) હેઠળ ૨૫૪ મકાનોના લક્ષ્યાંક સામે ૧૨૦ મકાનોના કામ પૂર્ણ કરી લગભગ ૪૭% જેટલી કામગીરી કરેલ છે.

  (૪) શ્રમ યોગી યોજના હેઠળ જિલ્લામાં કુલ ૧૪૭૯ પરીવારોની પસંદગી કરવામાં આવેલ છે. ૨૧૯ જૂથોની રચના કરવામાં આવેલ છે જે પૈકી ૧૯૩ જૂથો બચત કરે છે અને ૧૦ જૂથો આંતરીક ધિરાણ કરેછે. આ યોજના હેઠળ ૯૬૧ પરીવારોને મકાન સહાય મંજુર કરેલ છે.

- ગાંધીનગર શહેરના તમામ સેકટરોમાંથી એપ્રિલ–૦૫ થી ડીસેમ્બર–૦૫ ૧૯૯૨ અનઅધિકૃત દબાણો દૂર કરવાની કામગીરી કરી શહેરને દબાણ રહિત કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. દૂર કરેલ દબાણો પુનઃ ન થાય તે સારૂ જિલ્લા વહીવટી તંત્રની સબંધકર્તા તમામ કચેરીઓને આ બાબતે સતત દેખરેખ રાખી સઘન કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ છે.

- સ્ટેમ્પડયુટી ક્ષેત્રે ૨૦૦૪–૦૫ ના વર્ષ દરમ્યાન ૨૯,૮૩૪ કેસોનો નિકાલ કરી કુલ રૂા.૧૯.૫૨ કરોડ વસુલ લેવામાં આવેલ છે.

- રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર ધ્વારા વર્ષ ૨૦૦૪–૦૫ દરમિયાન ૭,૪૮૧ ઉમેદવારોની નોંધણી કરાવેલ છે અને ૭,૧૫૮ ઉમેદવારોની ભલામણ કરી ૧,૪૮૭ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે તથા ૧ લશ્કરી ભરતી મેળાનું આયોજન કરેલ છે.

- જિલ્લામાં અંત્યોદય યોજના હેઠળ ૧૫,૩૭૭ લાભાર્થીઓને પ્રતિ કિલોગ્રામ રૂા.૨/– ના દરે ૨૮ કિ.ગ્રા ઘઉ અને રૂા.૩/– ના દરે ૭ કિ.ગ્રા. ચોખા પ્રતિમાસ વિતરણ કરવામાં આવે છે, તે યોજના તળે ૩૩૫ મે.ટન ઘઉં તથા ૮૩ મે.ટન ચોખાનું વિતરણ કરવામાં આવેલ છે. જિલ્લામાં અન્નપૂર્ણા યોજના હેઠળ નિરાધાર લાભાર્થીઓને પ્રતિ માસ ૧૦ કિ.ગ્રા. ઘઉંનો લાભ આપવામાં આવી રહેલ છે.

- ગાંધીનગર શહેરના કુલ ૧૦ સર્કલોનો લોકભાગીદારીથી વિકાસ કરી, શહેરને રળીયામણું બનાવવા વિકાસના ક્ષેત્રે ડગલું માંડેલ છે. શહેરમાં ઘન કચરાના નિકાલ માટે સરકારશ્રીની સૂચનાઓ મુજબનો પ્લાન્ટ અમલીકરણની દિશામાં છે.

- ચાલુ સામેલ ચોમાસામાં જિલ્લામાં સરેરાશ ૧૩૬૯ મી.મી. જેટલો ભારે વરસાદ પડેલ. જેમાં જિલ્લામાં નિચાણવાળા વિસ્તારોમાં આવેલ ૯૮૦૦ લોકોને ૫૫ આશ્રય સ્થાનોમાં આશ્રય આપી લોકોને ૩૪૦૦૦ ફૂડ પેકેટ, ૧૫૦૦૦ પાણીના પાઉચ તથા ૫૫૦૦ જેટલી રસોડા કીટનું વિતરણ કરવામાં આવેલ તેમજ જિલ્લાની રાહત સામગ્રી ૧,૮૨,૦૦૦ ફૂડ પેકેટ, ૫૭,૦૦૦ પાણીના પાઉચ મધ્ય ગુજરાતમાં મોકલી આપવામાં આવેલ.



  જિલ્લામાં ભારે વરસાદના પાણીમાં ફસાયેલ લોકોને ત્વરીત બચાવ અને રાહતની કામગીરી કરવામાં આવેલ છે અને ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ ધ્વારા મળેલ ગ્રાંટમાંથી બચાવ કામગીરીમાં ઉપયોગી એવા સાધનો ખરીદી જિલ્લા અને ફાયર બ્રિગેડને અતિવૃષ્ટિ, ભૂકંપ કે વાવાઝોડા, આગ જેવી કુદરતી આપતિઓ સામે ત્વરિત કામગીરી કરી ઓછામાં ઓછી જાનહાની થાય તે માટે ફાયર બ્રિગેડને સુસજજ કરવામાં આવેલ છે.

જિલ્લામાં થયેલ નુકશાન અંગે ત્વરીત સર્વે કરાવી, જરૂરી સંકલન કરી કેશડોલ્સ, ઘરવખરી સહાય, માનવ મૃત્યુ સહાય, મકાન સહાય, પશુમૃત્યુ સહાય મળી અંદાજે રૂા.૭૧.૦૦ લાખ જેટલી સહાય ચુકવવામાં આવેલ છે.






જિલ્લામાં દેશની રક્ષા કાજે શહીદી વહોરનાર ત્રણ સ્વ.જવાનોના વારસદારો તેમજ મેજર મેન્યુ જોસેફના વારસદારો તથા અપંગ જવાનશ્રી વિક્રમસિંહ વાઘેલાના માન. મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાયની રકમ રૂા.૨,૦૮,૦૦૦ જેટલી ચુકવવામાં આવેલ છે.

માન. મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી મળેલ સહાય અયોઘ્યા ખાતે રામ મંદિર, બાબરી મસ્જિદ પરિસર ખાતે થયેલ આતંકવાદી હુમલામાં સામનો કરતા ઘાયલ થયેલ ઉત્તર પ્રદેશ પોલીસના જવાનો તથા સી.આર.પી.એફ.ના જવાનોને કુલ રૂા.૧૦.૦૦ લાખ જેટલી સહાય ચુકવવામાં આવેલ છે.

## ➪ <u>કૃષિમહોત્સવ–૨૦૦૫</u>

**તા.૧૧.૫.૦૫ થી તા.૧૧.૬.૦૫ દરમ્યાન મળેલ સફળતાઃ**

(૧) જિલ્લાના દરેક ગામોમાં વૈજ્ઞાનિકો અને નિષ્ણાતો ઘ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

(૨) ૧૭૪૫૨ સોઈલ હેલ્થકાર્ડનું વિતરણ કરાયું.

(૩) મફત કૃષિ ઈનપુટ કીટસ કુલ ૧૪૮૫ કિટસનું વિતરણ કરાયું.

(૪) ડ્રીપ / સ્પીકલર પધ્ધતિ વ્યાપ વધારવા ખેડૂતોને માર્ગદર્શન અપાયું.

(૫) કિસાન ક્રેડીટ કાર્ડ–૩૯૪૧ જુદી જુદી બેંકો મારફત વિતરણ કરાયા.

(૬) પશુપાલન ક્ષેત્રે ૩૧૦૧૭૩ પશુઓને રસીકરણ કરાયુ, પશુસારવાર કેમ્પ–૩૪ ગોઠવાયા.

(૭) જિલ્લામાં ૪ કૃષિ શિબિરો કરાઈ.

(૮) પર્યાવરણની જાળવણી તથા વૈકલ્પિક ઉર્જા સ્ત્રોત રતન જયોત (જેટ્રોફા) નું જિલ્લામાં ૧,૫૦,૦૦૦ રોપાઓનું વાવેતર કરાયું.

**<u>શાળા પ્રવેશોત્સવ ::</u>**





ગાંધીનગર જિલ્લામાં જૂન–૨૦૦૫ દરમ્યાન ૯૩૨૦ કુમાર તેમજ ૮૧૩૨ કન્યા મળી કુલ ૧૭૪૫૨ બાકળકોને શાળા પ્રવેશ અપાયો.

**<u>ગાંધીનગર જિલ્લામાં જયોતિગ્રામ યોજના ::</u>**

જિલ્લાના તમામ ૨૯૩ ગામોને જૂન–૦૫ સુધીમાં ૨૪ કલાક વીજપુરવઠો પૂરો પાડવામાં જયોતિગ્રામ યોજનામાં કુલ ૨૨.૮૧ કરોડનો ખર્ચ કરાયો.

માન.મુખ્ય મંત્રીશ્રીના વરદહસ્તે તા.૯.૬.૦૫ ના રોજ સમગ્ર ગાંધીનગર જિલ્લાને જયોતિગ્રામ યોજનામાં લોકાર્પણ કરાયેલ છે.

**<u>પ્રવાસન વર્ષ–૨૦૦૬</u>**

રાજય સરકારે પ્રવાસન વર્ષ જાહેર કરેલ છે તેના પ્રતિસાદ રૂપે જિલ્લાના અગત્યના નીચે જણાવેલ સ્થળોને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા એકશન પ્લાન ઘડવામાં આવેલ છે.

**<u>ગાંધીનગર તાલુકો ::</u>**

(૧) વરદાયની માતા યાત્રાધામ રૂપાલ
(૨) અંબાપુર વાવ.
(૩) અડાલજની રૂડાબાઈ વાવ.
(૪) વાસણીયા મહાદેવ (વાસન)
(૫) ડભોડીયા હનુમાન ડભોડા
(૬) જક્ષણી માતાનું મંદિર સાદરા.
(૭) શ્રી શકિત મંદિર (અંબાજી) ધણપ (ગીયોડ)
(૮) કોટેશ્વર મહાદેવ (કોટેશ્વર)
(૯) મહાદેવનું મંદિર પીપળજ

(૧૦) ધોળેશ્વર મહાદેવનું મંદિર ધોળેશ્વર

**<u>માણસા તાલુકો ::</u>**

(૧) મલાવ તળાવ માણસા.
(૨) ઘંટાકર્ણ મહાવીર જૈનમંદિર મહુડી.

**<u>દહેગામ તાલુકો ::</u>**

(૧) પ્રાચીન વાવ સાંપા.

**<u>કલોલ તાલુકો ::</u>**
(૧) કપીલેશ્વર મહાદેવ.

**અમદાવાદ મુકામે યોજાયેલ પ્રવાસન વર્ષ–૨૦૦૬ ની ઉજવણી વિશ્વ ગુજરાતી સંમેલનમાં ગાંધીનગર જિલ્લાના ૨૦૦ એન.આર.આઈ અને એન.આર.જી.એ ભાગ લીધો.**

**<u>શહેરી વિકાસ વર્ષની ઉજવણી–૨૦૦૫</u>**
જિલ્લાની ચાર નગરપાકિલાઓ ધ્વારા કરાયેલ કામગીરી.

(૧) કુલ ૬૩૧ પાકા દબાણો દૂર કરાયા. કુલ ૯૦૯.૮૩ લાખની કિંમતની જમીન ખુલ્લી કરાઈ. શહેરી વિસ્તારમાં ૧૩૭ પાકા દબાણો દૂર કરાયા.
(૨) કુલ ૧૫૯૭૯ ટન ઘન કચરાનો નિકાલ કરાયો. દૈનિક **૫૨** ટન ઘનકચરાનો નિકાલ થાય છે.
(૩) જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં ડબલ એન્ટ્રી સિસ્ટમ દાખલ કરાઈ છે.
(૪) જિલ્લામાં ૬૭ નવા કામો અંદાજીત ખર્ચ રૂા.૭૩૨ લાખના લોકભાગીદારીથી કરાયા.
(૫) ૧૫૭૮૫ વૃક્ષોનું વનીકરણ કરાયું.
(૬) જિલ્લાની ૪ નગરપાલિકાઓમાં નવા ૨૩ પે એન્ડ યુઝ ટોયલેટો લોકભાગીદારથી વિકસાવવામાં આવ્યા.
(૭) ગાંધીનગર શહેરની અંદાજીત ૨૧૦૦૦ મિલ્કતોનું રેકર્ડ કોમ્પ્યુટરાઈઝેશન કરાયું.
(૮) ગાંધીનગર શહેરમાં ફાળવેલ પ્લોટોમાં ૭૪૩ શરતભંગના કેસો કરાયા. રૂા.૧૫ લાખનો દંડ વસુલ કરાયો.

**<u>પાણી પુરવઠા યોજના ::</u>**

ગાંધીનગર તથા દહેગામ તાલુકાના ૧૩૧ ગામો અને ગાંધીનગર શહેરી વિસ્તાર માટે સુજલામ સુફલામ જી–૧ અને ૨,૩ પેકેજ ધ્વારા મેઈન હેડવર્કસ સાઈટ ખાતે ફીલ્ટ્રેશન પ્લાન્ટ, ઉંચી ટાંકી, પપીંગ મશીનરી, પાઈપ લાઈનો આનુસાંગીક કામો હેઠળ અંદાજીત કિંમત ૫૭૬૩.૮૨ લાખ રૂપીયાનો ખર્ચ કરાયો છે. ૪૫% કામો પૂર્ણ થયા છે. માર્ચ–૦૬ સુધીમાં કામો પૂર્ણ થશે.

માણસા તાલુકા માટે ૨૫૭૮ લાખના કામો ૮૦% પૂર્ણ થયેલ છે.

ગાંધીનગર જિલ્લામાં વર્ષ–૨૦૦૫ દરમ્યાન સાંસદસભ્યોની ગ્રાન્ટ જોગવાઈ હેઠળ હાલ સુધીમાં ૧૦૫૮ કામોમાં ૮૩૪.૬૮ લાખના કામો પૂર્ણ થયેલ છે.

**<u>વન અને પર્યાવરણ ::</u>**

ગાંધીનગર રાજયનું પાટનગર હોવા ઉપરાંત ઘટાદાર વૃક્ષોથી ભરપુર હરીયાળું શહેર છે. ૩૬ લાખ વૃક્ષોનું વાવેતર કરાયું છે. વન મહોત્સવ હેઠળ ૪૨.૧૬ લાખ રોપાઓનું જિલ્લાના ગામોમાં વાવેતર કરાયું છે. શહેરમાં પુનીતવન, નક્ષત્રવન, રાશિવન, નવગ્રહવન, પંચવટી પર્યાવરણ શુધ્ધી માટે તૈયાર કરાયેલ છે.

**<u>આરોગ્ય વિષયક સેવાઓ ::</u>**

(૧) ગાંધીનગર જિલ્લામાં કુટુંબ કલ્યાણ કાર્યક્રમ હેઠળ વ્યંધિકરણ ઓપરેશન અને રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમમાં ૧૦૦ ટકા સિધ્ધી હાંસલ કરાઈ છે.
(૨) અંધત્વ નિવારણ કાર્યક્રમ અંતર્ગત ૧૩૨ ટકા સિધ્ધી હાંસલ કરાઈ.
(૩) રાષ્ટ્રીય ક્ષય રોગ નિયંત્રણ કાર્યક્રમમાં ૮૪ ટકાનો કયોર રેટ હાંસલ કરાયેલ છે.
(૪) મચ્છરદાની પ્રોજેકટ હાથ ધરવમાંં આવેલ છે. ૩ લાખ ગપ્પી માછલીઓ મુકવામાં આવી છે.
(૫) એનીમીયા કન્ટ્રોલમાં ૧૦૦% લાભાર્થીઓને આવરી લેવાયા.
(૬) સ્વાન્તાય સુખાય પ્રોજેકટ અંતર્ગત તંદુરસ્ત વિદ્યાર્થી તંદુરસ્ત ગાંધીનગર કાર્યક્રમમાં ૨ લાખથી વધુ બાળકોને આવરી લેવાયા.

માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત નિધિ ફંડમાંથી ૧ બાળકને હદયના ઓપરેશન માં **૧ લાખ**ની સહાય અપાઈ.

(૭) જિલ્લામાં રૂા.૨૦ લાખના ખર્ચે એબ્યુલન્સ સેવાઓનું સુદઢીકરણ કર્યુ.
(૮) જનરલ હોસ્પીટલ, ગાંધીનગરમાં રૂા.૪૭ લાખના ખર્ચે લેબોરેટરી, બ્લડ બેંક, વોર્ડ વિગેરે વિભાગોનું વિસ્તરણ કરાયું.
(૯) જનરલ હોસ્પીટલમાં રૂા.૨ કરોડ ૨૮ લાખના ખર્ચે સીટીસ્કેન મશીન, કલર ડોપલર વીથ ટુ ડી ઈકો, મલ્ટી પેરા મોનીટર, મલ્ટી મીડીયા ફેસીલીટી, ડીફીબ્રીલેટર, ફેકોમશીન, બ્લડ સેલ કાઉન્ટર ગ્રેસ્પ્રેઓડીનોસ્કોપ, ઓથો ઓપરેશન ટેબલ, ઓથોસ્કોપ, લેપ્રોસ્કોપ, સીસ્ટોક્રોપ, ઓકસીજન કોન્સેન્ટ્રેસર તથા મલ્ટીચેનલ ઈસીજી મશીન વિગેરે અદ્યતન સામગ્રીની સુવિધા કરવામાં આવી.
(૧૦) જિલ્લામાં ૧૪૭૫૯ મોતીયાના ઓપરેશન કરાયા.
(૧૧) જિલ્લા રોગી કલ્યાણ સમિતિને સરકારશ્રી ધ્વારા રૂા.૪૧ લાખની ગ્રાન્ટ દાન સ્વરૂપે અપાઈ. જેનો દર્દીઓની હિતકારક પ્રવૃતિ માટે ઉપયોગ થાય છે.

## <u>વાયબ્રન્ટ ગુજરાત –૨૦૦૫</u>

જિલ્લા કક્ષાની વાયબ્રન્ટ ગુજરાત પરીષદ જિલ્લા પ્રભારી મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને આયોજન થયું. જેમાં કુલ ૫ પ્રોજેકટ માટે એમ.ઓ.યુ. થયા. જેમાં સૂચિત મૂડી રોકાણ રૂા.૪૫૪.૫૭ કરોડ થયું. ત્રણ પ્રોજેકટ અમલીકરણમાં છે. બે પ્રોજેકટએ ઉત્પાદન શરૂ કરેલ છે.

વર્ષ–૨૦૦૫ દરમ્યાન વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ ૩૯૩ લાભાર્થીઓને ૧૬૮.૬૧ તથા વડાપ્રધાન રોજગાર યોજના હેઠળ ૧૧૭ લાભાર્થીઓ મળી કુલ ૫૧૧ લાભાર્થીઓને રૂા.૨૩૬.૭૩ લાખનું ધિરાણ અપાયું છે.

સમાજના આર્થિક રીતે નબળા વ્યકિતઓ શાકભાજી, ચાની લારી, વાંસના ટોપલા, વાળંદો, સુથારી કામ વિગેરે કારીગરોને રોજગારી માટે સાધનો, ઓજારો વિના મૂલ્યે માનવ કલ્યાણ યોજના હેઠળ જિલ્લામાં ૨૦૦૫ ના વર્ષ દરમ્યાન ૪૦૯ વ્યકિતઓને રૂા.૬.૦૫ લાખની સહાય અપાઈ છે.

જિલ્લામાં વર્ષ –૨૦૦૫ દરમ્યાન કિસાનરથ કાર્યક્રમ તા.૧૧.૫.૦૫, ઔદ્યોગિક વર્કશોપ–કમ સેમીનાર તા.૧૯.૫.૦૫, જયોતિગ્રામ લોકાર્પણ તા.૯.૬.૦૫, રાજીવ ગાંધી અક્ષય ઉર્જાદિન તા.૨૦.૮.૨૦૦૫ અને વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ–૨૦૦૫ તા.૪.૧૦.૦૫ ના રોજ ધૂમધામથી સક્રિય ઉજવણી કરવામાં આવી.

**કુંવર બાઈનું મોમેરૂ / સાત ફેરા સમુહ લગ્ન યોજના ::**

વર્ષ–૨૦૦૫ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં ૧૫૧ કન્યાઓને તેમજ સંસ્થાઓને રૂા.૭,૭૫૦૦૦/– ની સહાય રાજય સરકાર ધ્વારા ચુકવવામાં આવી.

**ર્ડા. સવિતા આંબેડકર આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના ::**

૧૩ યુગલોને રૂા.૬,૫૦,૦૦૦/– ની સહાય રાજય સરકાર ધ્વારા ચુકવવામાં આવી છે.

**નાના ઉદ્યોગ સાહસિકોને વ્યવસાય સહાય યોજના ::**

કુલ ૧૨ લાભાર્થીઓને રૂા.૫,૮૫, ૦૦૦/– ની સહાય આપવામાં આવી છે.

**સરસ્વતી સાધના યોજના :**

૧૫ કન્યાઓને સાયકલ ખરીદવા રૂા.૨૩૦૦૦/– ની સહાય ચુકવાઈ છે.

**અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના બાળકોને શિષ્યવૃતિ. :**

૨૭૯૮ બાળકોને રૂા.૧૩,૫૭,૦૦૦/– ની શિષ્યવૃતિ વર્ષ ૨૦૦૫ દરમ્યાન ચુકવાયેલ છે.

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ ધ્વારા સેકટર.૧૨–ડી ખાતે તા.૧૧.૧૨.૦૫ થી તા.૧૫.૧૨.૦૫ દિન–૫ ભગવાન બલરામજીની મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા બલરામ મંદિર પરીસર ઉદ્દ્ઘાટન સમારંભ તેમજ પ્રદેશ કાર્યાલયનું ઉદ્દ્ઘાટનનું આયોજન કરવામાં આવેલ હતુ. આ કાર્યક્રમમાં અંદાજીત ૨૦ થી ૨૫ લાખ માનવ સમુદાયે ભાગ લીધો હતો. માન.કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને મીટીંગોનું આયોજન કરી સમગ્ર કાર્યક્રમ ભવ્યતાથી ઉજવણીથી સંપન થાય તેવા પ્રયત્નો કરવામાં આવેલ. જુદી જુદી કચેરીઓને સંલગ્ન કામગીરી સોંપણી કરવામાં આવેલ તેમજ આ તમામ કામગીરી સુયોગ્ય થાય તે સારૂ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કક્ષાએ લાયઝન અંગેની કામગીરી સુપ્રત કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં બલરામ કુંભ યાત્રા, સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન, વિશ્વ કિસાન કલ્યાણ યજ્ઞ, મહિલા સંમેલન, કૃષિ ઋષિ સંસ્કૃતિ સંગમ, કૃષિ મેળો, કૃષિ વિજ્ઞાનિકો તથા કૃષ્ક સંમેલન વૃક્ષા રોપણ અભિયા નએન સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન હતુ. જેમાં ઉપસ્થિત માનવ સમુદાયને રહેવા, જમવા તથા સૂવા માટે પીવાના પાણી અંગે, શારીરીક તંદુરસ્તી અંગે, કચરાના નિકાલ બાબતે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે આવી તમામ બાબતોનું કાળજી પૂર્વક આયોજનબંધ સમગ્ર મહોત્સવનું દબદબાપૂર્વક ઉજવણી થાય તેવા અથાગ પ્રયત્નો કરી સમગ્ર કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ હતી.

**નવરાત્રી મહોત્સવ–૨૦૦૫**

ગુજરાતના પરંપરાગત અને ભાતિગળ નવરાત્રી મહોત્સવ–૨૦૦૫ નું આયોજન ગુજરાત સરકારે ગાંધીનગર ખાતે ઉજવણી કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં ભૂતાન, શ્રીલંકા, પોર્ટીરીકા અને નેપાળ

જેવા દેશોના ૧૫૦ જેટલા આંતરરાષ્ટ્રીય કલાકારોએ ભાગ લીધો હતો. રાજયના આર્થિક, ઔદ્યોગિક અને પ્રવાસન ક્ષેત્રોને પ્રોત્સાહન હેતુસર આયોજન કરવામાં આવેલ હતુ. આ કાર્યક્રમ તા.૩.૧૦.૦૫ હેડીપેડ સેકટર.૧૭ ગાંધીનગર ખાતે યોજાયેલ હતો. જેમાં ગુજરાતના પણ ૨૦૦ જેટલા કલાકારો પરંપરાગત રાસ–ગરબાઓની રમઝટ બોલાવી હતી. સાથે સાથે દેશના અન્ય રાજયો જેવા કે આંધ્રપ્રદેશ, આસામ, મણીપુર, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, રાજસ્થા, ઉતરપ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ અને તામીલનાડુના કલાકારો અને કસબીઓ પણ તેમની ભાગીતળ સંસ્કૃતિનું લાક્ષણિક શૈલીમાં પ્રદર્શન કરેલ હતુ. સમગ્ર પ્રોગ્રામ નવરાત્રીના નવ દિવસ સુધી આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં થીમ પેવેલીયનનો ઉદ્દ્ઘાટન તેમજ જુદા જુદા સાંસ્કૃતિક પ્રોગ્રામ યોજાયેલ હતા. જેમાં કાયદો અને વ્યવસ્થા તથા તમામ પ્રોગ્રામનું લાયઝન અત્રેથી સગમ્ર પ્રોગ્રામ ભવ્યતાથી ઉજવાય તથા તેમાં વધુને વધુ લોકો જોડાય તેવા તમામ પ્રયત્નો અત્રેથી કરવામાં આવેલ હતા. જુદા જુદા અધિકારીશ્રીઓની નિમણૂંકો કરી જુદા જુદા પ્રકારની કામગીરી યુધ્ધના ધોરણે કરવામાં આવેલ હતી. સદરહું પ્રોગ્રામમાં કાયદો અને વ્યવસ્થા અંગેની કામગીરી, મેડીકલને લગતી કામગીરી, પાણીની વ્યવસ્થા તથા તા.૩.૧૦.૦૫ ના રોજ માન.મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં એક લાખ દીવડા પ્રાગટય કરવામાં આવેલ. આ તમામ પ્રોગ્રામ સુવ્યવસ્થિત યોજાય તેવા તમામ પ્રયત્નો અત્રેથી સંભાળી લેવામાં આવેલ. લાઈટ અંગે, અગ્નિ શામક વ્યવસ્થા જેવી અગત્યની સુવિધાઓનો પુરતો ખ્યાલ રાખવામાં આવેલ. વધુમાં આ પ્રોગ્રામમાં બે થી અઢી લાખ જેટલા માનવ સમુદાય ઉપસ્થિત રહેનાર હોય જુદી જુદી જગ્યાએ વાહન પાર્કિંગ અંગેની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

**<u>સરસ્વતી નર્મદા મહાસંગમ ::</u>**

તા.૨.૯.૨૦૦૫ ના રોજ પાટણ જિલ્લાના સિધ્ધપુર ખાતે સરસ્વતી મહાસંગમ યોજાયેલ હતો. જેમાં ૧૫૦ જેટલા મહાસંતોને આ કાર્યક્રમમાં સંતોને લઈ જવા માટેની વ્યવસ્થા, પાણી, જમવા માટે જરૂરી ફુડ પેકેટ માટેની વ્યવસ્થાની કામગીરી અત્રેથી સંભાળી લઈ સંતોને સિધ્ધપુર ખાતે લઈ જવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં વધુને વધુ સમુદાય જાય તે સારૂ બહોળી પ્રસિધ્ધિ અર્થે પોષ્ટરો જાહેર જનતા જોઈ શકે તે પ્રમાણે જાહેર જગ્યાએ ચોંટાડવામાં આવેલ તેમજ જુદી જુદી કચેરીઓને ફાળવણી કરવામાં આવેલ તેમજ કાર પાસ પાટણ ખાતેથી મેળવી જે તેને ઈસ્યુ અંગેની કામગીરી અત્રેથી કરવામાં આવેલ હતી.

**<u>અક્ષય ઉર્જા દિન ઉજવણી ૨૦મી ઓગષ્ટ–૨૦૦૫</u>**

અક્ષય ઉર્જાનો પ્રચાર તથા પ્રસારણ ગ્રામ્ય સ્તરે થાય તથા સર્વાંગી વિકાસ સાધવાના હેતુસર જિલ્લા કક્ષાએ માન.કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને એક સમિતિની રચના કરવામાં આવેલ છે. દર વરસે ૨૦મી ઓગષ્ટ રાજીવ ગાંધી અક્ષય ઉર્જા દિવસ તરીકે ઉજવવામાં આવે લે. જેના માટે માર્ગદર્શક પુસ્તકોના શેટ તેમજ અન્ય લીટરેચર આવે છે જે કમિટિના સભ્યોને વિતરણ કરવામાં આવે છે. સરકારશ્રી તરફથી આ પુસ્તકોમાં કેવા પ્રકારના ખર્ચ કરી શકાય તેમજ અન્ય માર્ગદર્શન આપવામાં આવેલ હોય છે. આ કામે સરકારશ્રી તરફથી ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે. આ ગ્રાન્ટની અત્રેથી લાયઝન અધિકારીશ્રી નિમણૂંક કરી જુદી જુદી કચેરીઓને ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે. જેમાં વર્ષ–૨૦૦૫ ના વર્ષ માટે પ્રથમ રૂા.૧,૦૦,૦૦૦/– તેમજ પાછળના બીજા ૧,૦૦,૦૦૦/– એમ કુલ રૂા.૨,૦૦,૦૦૦/– બે લાખ ગ્રાન્ટ ફાળવેલ છે. જેમાં પ્રથમ તાલુકાની એક લાખની ગ્રાન્ટ પૈકી રૂા.૭૫,૦૦૦/– પંચોતેર હજાર ગ્રાન્ટની ફાળવણી કરી દેવામાં આવેલ. જયારે રૂા.૧,૨૫,૦૦૦/– અનામત રાખવામાં આવેલ છે. આ ઉજવણી પૂર્વ સરકારશ્રીમાંથી શાળાના બાળકો માટે શર્ટ, ટોપી વિગેરે મળે છે. જે જિલ્લા શિક્ષણાધિકારી મારફત શાળાના બાળકોને વિતરણ કરાવી પ્રભાત ફેરી સ્વરૂપે રેલીનું આયોજન તેઓ ધ્વારા કરવામાં આવે છે. ત્યારબાદ બાળકોને દૂધ, નાસ્તો તેમજ જુદી જુદી સ્પર્ધાઓનું આ દિવસે આયોજન કરવામાં આવે છે. બાળકોને પ્રોત્સાહીત કરવા સારૂ પ્રમાણપત્રો રાષ્ટ્રીય તહેવારે એનાયત કરવામાં આવે છે.